# રાજ્યભરમાં સાર્વત્રિક વરસાદ : ખેડૂતો ખુશખુશાલ

## છ તાલુકામાં ૮ ઈંચથી વધુ વરસાદ, કુલ સરેરાશ વરસાદ ૨૭.૭૨ ટકા : કચ્છ ઝોનમાં રાજ્યનો સૌથી વધુ ૮૭.૩૩ ટકા વરસાદ નોંધાયો, શુક્રવાર સુધીમાં ૨૪ કલાકમાં ૧૨નાં મોત, હજુ હળવાથી ભારે વરસાદની આગાહી

અમદાવાદ, તા.૧

ગુજરાતમાં સત્તાવાર ચોમાસાની શરૂઆત થઈ ચુકી છે. ત્યારે રાજ્યભરમાં સાર્વત્રિક વરસાદના પરિણામે નાગરીકો ખાસ કરીને ખેડૂતો ખુશખુશાલ થઈ ગયા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં સરેરાશ ૨૭ ટકાથી વધુ વરસાદ વરસ્યો છે. જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકામાં સૌથી વધુ ૧૬ ઈંચ એટલેકે ૩૯૮ મિ.મી. વરસાદ નોંધાયો છે. રાજ્યના ૬ તાલુકાઓમાં ૮ ઈંચથી વધુ વરસાદ તથા રાજ્યના અન્ય ૧૩ તાલુકાઓમાં ૬ ઈંચથી વધુ વરસાદ સહિત રાજ્યના અન્ય ૧૮૭ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે.રાજ્યનો કુલ સરેરાશ વરસાદ ૨૭.૭૨ ટકા જેટલો નોંધાયો છે. જેમાં કચ્છ ઝોનમાં સૌથી વધુ ૮૭.૩૩ ટકા, સૌરાષ્ટ્ર ઝોનમાં ૪૧.૧૮ ટકા, ઉત્તર ગુજરાત ઝોનમાં ૨૭.૬૫ ટકા, દક્ષિણ ગુજરાત ઝોનમાં ૨૦.૮૧ ટકા, પૂર્વ ઝોનમાં ૧૬.૫૯ ટકા મોસમનો કુલ સરેરાશ નોંધાયાના અહેવાલ છે.





## ઓજત નદી બે કાંઠે વહેતી થતાં અનેક ગામડાઓમાં ત્રણ ફૂટ પાણી ભરાયા



અમદાવાદ, તા.૧

સૌરાષ્ટ્રમાં બારે મેઘ ખાંગા થયા હોય તેમ ભારે વરસાદ થતા ઠેરઠેર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. જુનાગઢમાં સાંબેલાધાર વરસાદથી સ્થિતિ વણસી છે. ઘેડ વિસ્તારમાં આવેલા મતીયાણા ગામમાં ચારે કોર પાણી જ પાણી છે. ઘેડ પંથકના ગામડાઓ અને સીમમાં જ્યાં જુઓ ત્યાં પાણી જ પાણી છે. ગામની અંદર પણ અઢીથી ત્રણ ફૂટ સુધી પાણી ભરેલું જોવા મળ્યું છે. ઘેડ વિસ્તારના અનેક ગામડાઓની આ પરિસ્થિતિ છે.

જુનાગઢ જિલ્લામાં ભારે વરસાદને લઈને ઓજત નદી બે કાંઠે વહેતી થઈ છે, જેનું સીધું પાણી ઘેડ પંથકમાં પહોંચ્યું છે. ઘેડ પંથકના અનેક ગામડાઓમાં ભારે વરસાદને લઈને જમીનોનું પણ ધોવાણ થયું છે. આ પંથકમાં વરસાદથી ગામડાઓને જોડતા માર્ગો જાણે નદી બનીને વહેવા લાગ્યા હતા. વંથલી,મેંદરડા પંથકમાં આઠ-આઠ ઈંચ વરસાદથી ખેતરોમાં પાણી ભરાયા હતા.

## ૨૨ કલાકમાં રાજ્યના ૧૮૯ તાલુકામાં વરસાદ

અમદાવાદ, તા.૧

રાજ્યમાં મેઘરાજાએ ધરબડાટી બોલાવી દીધી છે. છેલ્લા ૨૨ કલાકમાં કુલ ૧૮૯ તાલુકામાં વરસાદ ખાબક્યો છે. ત્યારે જુનાગઢના વિસાવદર તાલુકામાં ૧૫ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે. જ્યારે જામનગર તાલુકામાં ૧૧ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. કચ્છના અંજાર તાલુકામાં ૧૦ ઈંચ વરસાદ પડ્યો હતો. આ ધોધમાર વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. જ્યારે રાજ્યનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ શુક્રવારે મોડી રાતે સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરની મુલાકાત લીધી હતી. મોડી રાત્રે અહીં યોજાયેલી બેઠકમાં મુખ્ય સચિવ રાજકુમાર, રાહત કમિશનર આલોક પાંડે પણ ઉપસ્થિત રહ્યા હતા. હવામાન વિભાગ પાસેથી મળેલા આંકડા પ્રમાણે છેલ્લા ૨૨ કલાક એટલે શુક્રવારની સવારે ૬ વાગ્યાથી આજે સવારે ૪ વાગ્યા સુધીમાં ૧૮૯ તાલુકામાં ધોધમાર વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ જુનાગઢના વિસાવદર તાલુકામાં ૧૪. ૯૨ ઈંચ વરસાદ નોંધાયો છે. જ્યારે જામનગર તાલુકામાં ૧૦.૭૬ ઈંચ વરસાદ નોંધાયો છે. આ સાથે કચ્છના અંજાર અને વલસાડના કપરાડાના તાલુકામાં૯ ઈંચથી વધારે વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગના આંકડા પ્રમાણે, જુનાગઢના ભેસાણ અને અમરેલીના બગસરામાં ૭ ઈંચથી વધારે વરસાદ ખાબક્યો છે.

## અમદાવાદમાં સાબરમતી નદીના જળસ્તર વધ્યા

અમદાવાદ, તા.૧

રાજ્યમાં મેઘરાજાની સવારીએ માઝા મૂકી છે. ત્યારે શુક્રવારે પણ અમદાવાદમાં ભારે વરસાદ વરસ્યો હતો. શનિવારે સવારથી જ શહેરમાં વરસાદ વરસી રહ્યો છે. શહેરના જોધપુર વિસ્તારમાં સાંજે છથી આઠ કલાકમાં છ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત શનિવારે સવારે ચાર વાગ્યા સુધીના ૨૨ કલાકમાં ૬૭ એમએમ વરસાદ નોંધાયો છે. ઉપરવાસ અને અમદાવાદમાં પાણીની આવક વધવાને કારણે વાસણા બેરેજના સાત દરવાજા ખોલવામાં આવ્યા છે. તમામ સાત દરવાજા ત્રણ ફૂટ સુધી ખોલી દેવામાં આવ્યા છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે, સાબરમતી નદીમાં પાણીની આવતા વાસણા બેરેજના તમામ દરવાજા ખોલવામાં આવ્યા છે. અમદાવાદમાં ધોધમાર વરસાદથી સાબરમતીના જળસ્તર વધ્યા છે જેના કારણે વાસણા બેરેજના તમામ દરવાજા ખોલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વાસણા બેરેજના તમામ સાત દરવાજા ત્રણ ફૂટ સુધી ખોલવામાં આવ્યા છે. હાલ નદીનું જળસ્તર ૧૩૧ ફૂટ નજીક પહોચ્યું છે. સાબરમતી નદીમાં જળ સ્તર વધવાને કારણે ૨૧, ૨૨, ૨૫, ૨૬, ૨૮, ૨૯ અને ૩૦ નંબરના ગેટ ખોલવામાં આવ્યા છે. જેથી પાણીની આવક આગળ જઈ શકે. શનિવારે સોમવારે શહેરમાં ૨૨ કલાકમાં ૬૭ એમએમ વરસાદ નોંધાયો છે. જેના કારણે શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા. શુક્રવારે અમદાવાદમાં દિવસ દરમિયાન તાપ રહયો હતો. જોકે, સાંજના સમયે વાતાવરણમાં એકાએક પલટો આવ્યો હતો. શહેરમાં શુક્રવારે સાંજે ૬થી ૮ના બે કલાકના સમયમાં જોધપુરમાં પોણા છ, બોપલમાં ચાર તથા બોડકદેવ વોર્ડમાં સાડા ત્રણ ઈંચથી વધુ વરસાદ થયો હતો. હવામાન વિભાગે આજે રાજ્યના કેટલાક ભાગોમાં ભારે વરસાદની શક્યતા ઓ વ્યક્ત કરી છે.

## ગુજરાત હાઈકોર્ટે તિસ્તા સેતલવાડને તાત્કાલિક સરેન્ડર કરવા જણાવ્યું

### તિસ્તા સેતલવાડની મુશ્કેલીમાં થયો વધારોગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ નિર્જર દેસાઈની બેન્ચે તિસ્તા સેતલવાડની જામીન અરજી ફગાવી

અમદાવાદ, તા.૧

ગુજરાત હાઈકોર્ટમાં સામાજિક કાર્યકર્તા તિસ્તા સેતલવાડ દ્વારા રેગ્યુલર જામીન અરજી દાખલ કરવામાં આવી હતી. જેને કોર્ટે આજે ફગાવી દીધી હતી અને અવલોકન કર્યું હતું કે આ કેસની ગંભીરતાને જોતાં જામીન આપી શકાય તેમ નથી. કેસની તપાસ અને ચાર્જફ્રેમમાં તિસ્તા સેતલવાડે સહકાર આપવો જોઈએ. તેઓની જામીન અરજી ફગાવી દઈને તેમને તાત્કાલિક સરેન્ડર થવાનો કોર્ટે આદેશ આપ્યો છે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને બદનામ કરવાના કેસમાં સામાજિક કાર્યકર તિસ્તા સેતલવાડના જામીન હાઈકોર્ટે ફગાવી દીધા હતા. ગુજરાત હાઈકોર્ટે મુંબઈમાં રહેતા સામાજિક કાર્યકરને તાત્કાલિક સરેન્ડર કરવા કહ્યું છે. અહીં નોંધનીય છે કે ગુજરાત પોલીસે ફ્રૈંઈ નોંધ્યા બાદ ૨૫ જૂન, ૨૦૨૨ના રોજ તિસ્તા સેતલવાડની ધરપકડ કરી હતી. અહીં નોંધનીય છે કે ગુજરાતમાં વર્ષ ૨૦૦૨ના રમખાણો સંબંધિત નિર્દોષ લોકોને ફસાવવા માટે ખોટા દસ્તાવેજો બનાવવાના આરોપ હેઠળ સામાજિક કાર્યકર્તા તિસ્તા સેતલવાડ અને પૂર્વ ડીજીપી આરબી શ્રીકુમારની ધરપકડ કરાઈ હતી. સેતલવાડની ગુજરાત પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવ્યા બાદ ઘણાં મહિનાઓ સુધી જેલમાં રહેવું પડ્યું હતું. આ પછી સુપ્રીમ કોર્ટે તિસ્તા સેતલવાડને વચગાળાના જામીન આપ્યા હતા. સુપ્રીમ કોર્ટે સપ્ટેમ્બર ૨૦૨૨માં તિસ્તા સેતલવાડને જામીન આપ્યા હતા. નિર્જર દેસાઈએ ગુજરાત હાઈકોર્ટમાં તિસ્તાની જામીન અરજી પર સુનાવણી કરી અને તિસ્તાની માગણી ફગાવી દીધી.

સેતલવાડની જામીન અરજી પર જસ્ટિસ નિર્જર દેસાઈએ ચુકાદો સંભળાવ્યા બાદ વરિષ્ઠ વકીલે કોર્ટને આ ચુકાદાના અમલ પર ૩૦ દિવસ માટે રોક લગાવવાની વિનંતી કરી હતી પરંતુ જસ્ટિસ દેસાઈએ આ વિનંતી ફગાવી દીધી હતી. હાઈકોર્ટે સુપ્રીમ કોર્ટમાં અપીલ ન થાય ત્યાં સુધી આ નિર્ણય પર રોક લગાવવાની તિસ્તાના વકીલની માગને પણ ફગાવી દીધી છે. આ ઉપરાંત સેશન્સ કોર્ટમાં ચાલતા કેસમાં પણ તિસ્તાને સહકાર આપવા કોર્ટે આદેશ આપ્યો હતો. તિસ્તા સેતલવાડ પર આરોપ છે કે તેમણે ગુજરાતના રમખાણો પછી કોંગ્રેસના ભૂતપૂર્વ સાંસદ અહેસાન જાફરીનાં પત્ની ઝકિયા જાફરી સાથે કાવતરું ઘડ્યું હતું અને તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી (હવે વડાપ્રધાન)ને ફસાવવા માટે ખોટા પુરાવા સાથે ખોટા કેસ દાખલ કર્યા હતા. એટલું જ નહીં તિસ્તાએ તેમાં સસ્પેન્ડેડ આઈપીએસ અને પૂર્વ ડીજીપી શ્રીકુમારની મદદ લીધી હોવાનો પણ આરોપ છે.

## વરસાદના લીધે ચાંગોદરમાં દુકાનોમાં ફરી વળ્યા પાણી

અમદાવાદ, તા.૧

અમદાવાદમાં શુક્રવારે રાત્રે થયેલા ભારે વરસાદની અસર સવારે પણ જોવા મળી રહી છે. શહેરના વિવિધ વિસ્તારોમાં થયેલા વરસાદમાં પૂર્વ વિસ્તારમાં કેટલાક વિસ્તારો સવારે પણ જળબંબાકાર રહ્યા હતા. આવામાં ચાંગોદર વિસ્તારમાં લોકોના ઘરોમાં તથા દુકાનોમાં વરસાદના પાણી ફરી વળ્યા હતા. ચાંગોદરામાં સવારના સમયે પણ ઘૂંટણસમા પાણી ભરાયેલા હતા. અમદાવાદમાં આજે સવારે ૬ વાગ્યા સુધીમાં ૨૪ કલાકના ગાળામાં ૪-૬ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. અમદાવાદ જિલ્લામાં આવતા વિસ્તારોમાં પણ વરસાદ બાદ કપરી પરિસ્થિતિ ઉભી થઈ હતી. ચાંગોદરમાં ભારે વરસાદ બાદ લોકોએ કપરી પરિસ્થિતિનો સામનો કરવો પડી રહ્યો છે. લોકો જ્યારે સવારે દુકાનો પર પહોંચ્યા ત્યારે તેમને આંચકો લાગ્યો હતો, કારણ કે રસ્તા પર ઘૂંટણ ડૂબે એટલા પાણી ભરાયા હતા ત્યારે દુકાનોની અંદર પણ પાણી ભરાઈ ગયા હતા. આવામાં લોકોએ થઈ શકે તેટલો દુકાનોનો સામાન સુરક્ષિત કરીને પાણી બહાર કાઢવાના પ્રયાસો શરુ કર્યા હતા. વરસાદ ગયા બાદ પાણી ઓસરી રહ્યા છે પરંતુ શહેરના ઘણાં ભાગોમાં હજુ પણ ઠેરઠેર રસ્તાઓ પર વરસાદી પાણી જોવા મળી રહ્યું છે. શહેર વિસ્તારમાં રાત્રે પાણી ભરાતા ઘણાં ભાગોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ હતી. અમારા સંવાદદાતા વિભૂ પટેલ ચાંગોદર વિસ્તારમાં પહોંચ્યા ત્યારે તેમણે અહીંનો ચિતાર જણાવ્યો હતો. ચાંગોદર વિસ્તારમાં ભારે વરસાદ બાદ દુકાનદારો સવારે દુકાન ખોલવી કે નહીં તેની અસમંજસમાં હતા પરંતુ જ્યારે તેઓ સ્થળ પર પહોંચ્યા ત્યારે તેમણે કપરી પરિસ્થિતિના દર્શન કર્યા હતા. ઘણીં દુકાનોમાં વરસાદના પાણી ઘૂસી ગયા છે. ચાંગોદરામાં કેટલીક સોસાયટીઓમાં પણ પાણી ફરી

## વરસાદના પગલે વાવડીમાં બસ સ્ટેન્ડ જમીન દોસ્ત



અમરેલી, તા.૧

અમરેલી સહિતના વિસ્તારોને વરસાદ બરાબરનું ઘમરોળ્યું છે. ભારે વરસાદના પગલે અનેક કોઝ વે અને રસ્તાઓ ધોવાયા છે તો બીજી તરફ કેટલાક વિસ્તારોમાં પૂર જેવા દશ્યી પણ સામે આવ્યા છે. અમરેલીના ચલાલા પંથકમાં ધોધમાર વરસાદ પગલે વાવડી ગામમાં જી બસ સ્ટેન્ડ પાણીમાં ગરકાવ થયો છે.

અમરેલીમાં વરસાદે તબાહી મચાવી છે ત્યારે ચલાલા પંથકમાં ધોધમાર વરસાદના પગલે વાવડી ગામમાં બસ સ્ટેન્ડ જમીન દોસ્ત થયું છે. ભારે વરસાદના પગલે વરસાદી પાણી જી બસ સ્ટેન્ડમાં ઘૂસી ગયો હતો અને પાણીના મારાના કારણે બસ સ્ટેન્ડમાંથી પસાર થઈ રહ્યું હતું. જ્યાં અચાનક ભૂવો પડી બસ સ્ટેન્ડની આર પાર પાણી વહેતું થયું હતું અને જે બાદ એકાએક બસ સ્ટેન્ડ ધરાશાયી થયો હતો. જે દર્શ્યી જોઈ લોકો પણ ચોંકી ઉઠ્યા હતા

બસ સ્ટેન્ડ પાણીમાં ગરકાવનો થતાનો વીડિયો પણ સામે આવ્યો છે. અત્રે તમને જણાવી દઈએ કે, સૂપડાધાર વરસેલા વરસાદના પગલે વાવડી ગામના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે તેમજ પાણી જ પાણી જેવા દશ્યી પણ ઉભા થયા હતાં. જો બીજી તરફ વાત કરવામાં આવે તો અમરેલીના ખત્રીવાડાની રૂપેણ નદીમાં ઘોડાપૂર આવ્યું છે. નદીઓમાં ઘોડાપૂરના કારણે અનેક ગામો સંપર્ક વિહોણા બન્યા છે. તેમજ ગીર જંગલમાં ઉપરવાસમાં ભારે વરસાદથી લોકોના હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. નદી-નાળાઓ છલકાતા અનેક ગામો સંપર્ક વિહોણા બન્યા છે.

## વાલમની મૃતક દીકરીની માતાને ગ્લોબલ વણકર સમાજ-કેનેડા દ્વારા રૂ. ૫૦ હજારની રોકડ સહાય

ગાંધીનગર, તા.૧

ભારતથી હજારો માઈલ દૂર વસતા દલિત યુવામિત્રોના સંગઠન 'ગ્લોબલ વણકર સમાજ-કેનેડા' દ્વારા, વાલમની દલિત સમાજની દીકરી સ્વ. નિશા ભાવેશભાઈ મકવાણા (જેની રીક્ષાચાલકે અપહરણ કરી હત્યા કરી હતી), તેના ગરીબ પરિવારને રૂપિયા ૫૦,૦૦૦(પચાસ હજાર)ની સહાય કરવામાં આવી છે. 'ગ્લોબલ વણકર સમાજ-કેનેડા' વતીથી - તેમની સૂચનાનુસાર, તેમના પ્રતિનિધિઓ તરીકે અમે



ગાંધીનગરના મિત્રોએ આ રકમનો ચેક તા.૨૯૬૨૦૨૩ના રોજ મહેસાણા ખાતે રહેતા લતાબેન ભાવેશભાઈ મકવાણા (તે નિશાના માતા)ના ઘરે જઈ તેમને રૂબરૂ મળીને આપ્યો. આ સમયે પ્રવીણ ગઢવી(પુર્વ આઈએએસ), નટુભાઈ પરમાર (પુર્વ સંયુક્ત માહિતી નિયામક), પ્રવીણ શ્રીમાળી-વસંત જાદવ(પુર્વ નાયબ નિયામકો-સમાજ કલ્યાણ), રમણ વાઘેલા (પુર્વ નાયબ સચિવ-ગૃહ), કાન્તિભાઈ પરમાર ( જિલ્લા પ્રમુખ,દલિત અધિકાર સંઘ-ગાંધીનગર ) સૌ આ ઉમદા સમાજસેવાના કામમાં સાથે રહ્યા હતા. લતાબેનને આ સહાયનો રૂ ૫૦,૦૦૦નો ચેક માન. પ્રવીણ ગઢવી સરના હસ્તે અપાયો હતો. આ પ્રસંગે રમેશભાઈ પરમાર - રંજનબેન પરમાર (દલિત અધિકાર સંઘ -મહેસાણા) તથા જિલ્લા નાયબ નિયામક મિશ્રાના માર્ગદર્શન હેઠળ સમાજ કલ્યાણ કચેરીના કર્મયોગીઓ જીતેન્દ્ર મકવાણા, ગોવિંદ ચૌધરી, ઠાકોરભાઈ, સેવક લીલાબેન, નિવૃત્ત અધિકારી નરેશ મકવાણા સૌએ પણ ઉપસ્થિત રહી ઉમદા સહયોગ પુરો પાડ્યો હતો. આ સહાયની રકમ મૃતક નિશાના પરિવારના લાભાર્થીઓને સરળતાથી આપી શકાય તે માટે પ્રવીણભાઈ શ્રીમાળી અને વસંતભાઈ જાદવે વિશેષ જહેમત ઉઠાવી હતી. મૃતક નિશાની માતા લતાબેને પણ રડતી આંખોએ 'ગ્લોબલ વણકર સમાજ-કેનેડા'ના સૌ સભ્યો પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

### જમાવટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રહ્યા છે. વરસાદી મોસમ નિખરતા નગરની હરિયાળીમાં અનોખી તાજગી જોવા મળે છે. તો બીજીતરફ સેકટરોમાં પ્રિ મોન્સુન પ્લાનની સુફિયાણી વાતો વચ્ચે અનેક ઠેકાણે વરસાદી સમસ્યાઓ વિકરાળ સ્વરૂપ ધારણ કરી રહી છે. શહેરના સેકટરોમાં ઠેર ઠેર વરસાદના લીધે પાણીના ખાબોચિયા ઉભરાઈ રહ્યા છે. શહેરમાં હજુ સુધી સિઝનમાં એક જ વાર ધોધમાર વરસાદ વરસ્યો છે છતા સેકટરોમાં વરસાદી પાણીનો નિકાલ ઝડપથી થતો નથી જયારે સેકટરોના આંતરિક માર્ગો આસપાસ પણ ખોદકામના લીધે ઠેર ઠેર માટી પોલાણથી વાહનચાલકો અને રાહદારીઓ માટે જોખમી સ્થિતિ સર્જાઈ છે. આ ઉપરાંત સફાઈના અભાવે ગંદકીના ઢગ જોવા મળે છે. સેકટરોના આંતરિક માર્ગો પણ નિયત સમયના અંતે આમ પણ અત્યંત ખરાબ હાલતમાં છે ત્યારે વરસાદી દિવસોમાં રસ્તાની હાલત દિનપ્રતિદિન વધુ ખરાબ થતી જાય છે. જયારે શહેરના મુખ્યમાર્ગો પર મેટ્રો રેલ પ્રોજેકટનુ કામ પણ ચાલી રહ્યુ છે. ત્યારે વરસાદી દિવસોમાં ટ્રાફિકની અવરજવર વિશેષ પ્રભાવિત છે. જયારે સેકટરોમાં પાણી ગટર લાઈનના ખોદકામના લીધે ગાબડાઓ તો અસ્તિત્વમાં આવ્યા છે. જયારે ઘણાં ઠેકાણે કેબલ કટ થવાના લીધે સ્ટ્રીટ લાઈટો ડુલ રહેતી હોવાથી સેકટરવાસીઓ અંધારપટ્ટથી પરેશાન છે.

### ટ્રીમીંગ થતું નથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિસ્તારમાં વૃક્ષોની ડાળીઓનુ ટ્રીમીંગ કરવા માટે રજુઆત કરી છે. આમછતા હજુ સુધી ટ્રીમીંગની કામગીરી હાથ ધરવામાં આવી નથી સે- ૩, સે-૪ અને સે- ૫ માં ઠેર ઠેર આ પ્રકારની સ્થિતિ જોવા મળે છે.

જયારે સે-૩ સીના રીંગરોડ પર રહેણાંક નજીક જ આડશ બનતી વૃક્ષોની ડાળીના લીધે રહીશો પરેશાન છે. વનતંત્ર દ્વારા શહેરમાં હાલ વરસાદી દિવસોની શરૂઆત સાથે જ નવા રોપાઓની વાવણી કરવા માટે કામ શરૂ કરી દેવાયુ છે. જયારે વન આરક્ષિત વિસ્તારને નિખારવા માટે પણ નવા વાવેતર સાથે ફેન્સીંગનુ પણ નવિનીકરણ કરવા માટે આયોજન કરાયુ છે. પરંતુ સેકટરોમાં સ્થાનિકોને પડતી હાલાકી નિવારવા માટે હજુ સુધી ટ્રીમીંગની કામગીરી કરવામાં આવી નથી ત્યારે વરસાદી દિવસોમાં આમ પણ સેકટરો દુવિધાઓથી ઘેરાયેલા છે. ત્યારે સ્ટ્રીટ લાઈટના થાંભલા પુરતુ અજવાળુ પાથરે તે માટે આસપાસ ઘેરાયેલી વૃક્ષોની ડાળીઓનુ ટ્રીમીંગ હાથ ધરવા માટે ઉગ્ર માંગ ઉઠવા પામી છે. તો બીજીતરફ ગ માર્ગ સહીત નગરના મુખ્યમાર્ગો તેમજ આંતરિક વિસ્તારમાં જોખમી બનેલા ઉભા સુકા વૃક્ષો મામલે પણ વનતંત્રએ સર્વે હાથ ધરી ભયજનક વૃક્ષો દુર કરવા પણ જાગૃત નાગરિકોએ રજુઆત કરી છે.

### ભીષણ આગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

થયા છે, જ્યારે બાકીના ઘાયલ થયા છે. બસના ડ્રાઈવરનો આબાદ બચાવ થયો છે. ટાયર ફાટ્યા બાદ બસે પલટી મારી હતી અને તેનાથી આગ લાગી હતી. મળી રહેલી માહિતી પ્રમાણે, નાગપુર જઈ રહેલી ખાનગી બસ પહેલા એક થાંભલા સાથે અથડાઈ હતી અને બાદમાં પિપળખુટા ગામ પાસે ડિવાઈડર સાથે અથડાઈ હતી. બસ ઊંધી વળી ગઈ હતી અને આગ લાગી હતી. ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને આગને કાબૂમાં લેવાની કામગીરી શરૂ કરી હતી. ફાયર બ્રિગેડના જવાનોએ કંડક્ટર અને ડ્રાઈવર સહિત સાત લોકોને સલામત રીતે બચાવી લીધા હતા.

થોડા દિવસ પહેલા મુંબઈ-ગોવા હાઈવે પર પણ મોટી દુર્ઘટના સર્જાઈ હતી. જેમાં મહારાષ્ટ્ર સરકારની એસટી અને જેએસડબલ્યૂ બસ પરસ્પર અથડાઈ હતી. જેના કારણે તેના મુસાફરો અને ડ્રાઈવર ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા.

### હકાલપટ્ટી

● અનુસંધાન પહેલાનું ચાલુ

રેલવે બોર્ડના વરિષ્ઠ અધિકારીઓએ રિપોર્ટના તારણો અંગે ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો. સીઆરએસ ઉપરાંત સીબીઆઈ પણ ઘટનાની તપાસ કરી રહી છે. દુર્ઘટના બાદ, રેલવેએ દક્ષિણ પૂર્વીય રેલવેના ઘણા ઉચ્ચ અધિકારીઓની બદલી કરી છે, જેમના અધિકારક્ષેત્રમાં આ ઘટના બની હતી. પ્રાથમિક તપાસમાં અકસ્માતના કારણ તરીકે સિગ્નલ સિસ્ટમમાં બેદરકારી અથવા ઈરાદાપૂર્વકની દખલગીરી દર્શાવવામાં આવી છે.

### આફ્રિકન પકડાયો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્યાર બાદ તેને જેજે હોસ્પિટલમાં તબીબી પરીક્ષણ માટે લઈ જવામાં આવ્યો. જ્યાં તેની તપાસમાં તેના પેટમાં ડ્રગ્સ ભરેલ કેપ્સૂલ હોવાનું સ્પષ્ટ થયું હતું. ત્યાર બાદ ડોકટરોએ આ તસ્કરના પેટમાંથી ૪૩ કેપસૂલમાં હેરોઈન હોવાનું સ્પષ્ટ થયું હતું.

આ તસ્કરના પેટમાંથી કેપ્સૂલમાં છૂપાવેલ ૫૦૪ ગ્રામ હેરોઈનનો જથ્થો બહાર કાઢવામાં આવ્યો હતો. જેની કિંમત આંતરરાષ્ટ્રીય બજારમાં પાંચ કરોડ રૃપિયા જેટલી થાય છે. આરોપી તસ્કરને ૧૪ દિવસની અદાલતી કસ્ટડી ફટકારવામાં આવી હતી.